# એકમ-16 રાજકોષીય નીતિ

-: રૂપરેખા :-

16.0 ઉદ્દેશ
16.1 પ્રસ્તાવના
16.2 રાજકોષીય નીતિનો અર્થ
16.3 રાજકોષીય નીતિના હેતુઓ
16.4. રાજકોષીય નીતિનાં સાધનો
16.5 સારાંશ
16.6 ચાવીરૂપ શબ્દો
16.7 તમારી પ્રગતિ ચકાસો
- ઉપયોગી સંદર્ભવાચન
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો

16.0 ઉદ્દેશ (Objective) :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે,

- રાજકોષીય નીતિનો અર્થ સમજાવી શકશો.
- રાજકોષીય નીતિનાં સાધનોનો પરિચય આપી શકશો.
- રાજકોષીય નીતિના હેતુઓની ચર્ચા કરી શકશો.

## 16.1 પ્રસ્તાવના :

આ એકમમાં તમે રાજકોષીય નીતિનો પરિચય મેળવવાના છો. આ અગાઉ તમે નાણાંકીય નીતિ વિશે અભ્યાસ કર્યો. જેવી રીતે નાણાકીય નીતિ નાણાંના પુરવઠાને નિયંત્રણમાં રાખીને સમગ્ર અર્થતંત્ર ઉપર અસર પાડે છે તેવી રીતે રાજકોષીય નીતિ પણ સમગ્ર અર્થતંત્ર ઉપર અસર પાડતી સરકારના આવક અને ખર્ચ અંગેની નીતિ છે. આર્થિક સ્થિરતા સાથે વિકાસનાં ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા કેટલાક નિર્ણયો કરવામાં આવે છે. આ નિર્ણયો પૈકી સરકારની તિજોરી એટલે કે જાહેરક્ષેત્ર થતા ખર્ચ અને આવકને અસર કરતા બધા નિર્ણયો રાજકોષીય નીતિ અંતર્ગત આવે છે. આ એકમમાં આપણે રાજકોષીય નીતિનાં વિભિન્ન સાધનો, રાજકોષીય નીતિના હેતુઓ વગેરેનો અભ્યાસ કરીશું.

## 16.2 રાજકોષીય નીતિનો અર્થ :

રાજકોષીય નીતિ એટલે સરકારના આવક અને ખર્ચ અંગેની વિચારધારા સ્પષ્ટ કરતી નીતિ. વીસમી સદીની શરૂઆત સુધીમાં laissez-faireની નીતિ એટલે કે રાજ્યના લઘુત્તમ આર્થિક હસ્તક્ષેપની નીતિ વધુ પ્રચલિત હતી. પરંતુ 1929ની વૈશ્વિક મહામંદીના અનુભવો તથા તેના સંદર્ભે કેઈન્સે આપેલું પુસ્તક "જનરલ થિયરી ઑફ એમ્પ્લોયમેન્ટ, ઈન્ટરેસ્ટ એન્ડ મની" દ્વારા સરકારના આર્થિક હસ્તક્ષેપનું મહત્ત્વ સમજાયું. આમ, આર્થિક સમતુલા, સ્થિરતા અને વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે સરકાર તેની આવક અને ખર્ચનો સાધન તરીકે ઉપયોગ કરે તે રાજકોષીય નીતિ. રાજકોષીય નીતિને વધારે સ્પષ્ટ રીતે સમજવા આપણે તેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ...

(i) આર્થર સ્મિથ : A policy under which the government uses its expenditure and revenue programme to produce desirable effects and avoid undesirable effects on the national income, production and employment. "જેના અંતર્ગત સરકાર રાષ્ટ્રીય આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર ઇચ્છિત પરિણામો મેળવવાં અને અનૈચ્છિક પરિણામો ટાળવાં માટે તેના આવક અને ખર્ચના કાર્યક્રમો ઉપયોગ કરે છે તે રાજકોષીય નીતિ છે.

(ii) જી. કે. શો : We define Fiscal Policy to inclute and design to change the price level. Composition or timing of government expenditure or to vary the burten, structure of frequency of the tax payment. "રાજકોષીય નીતિની આપણે એવી રીતે વ્યાખ્યા કરીએ છીએ કે જે કિંમત સ્તરમાં પરિવર્તન લાવે, સરકારનાં ખર્ચ માળખાં અને ખર્ચના સમયગાળામાં થતા ફેરફારો, કર ચૂકવણી અને તેનું પુનરાવર્તન વગેરે બાબતોનો સમાવેશ કરે."

(iii) ઓટો એકસ્ટીન : "Changes in taxes and expenditure which aim of short run goals of full employment, price level and stability." (રાજકોષીય નીતિ એટલે) કરવેરા અને ખર્ચમાં ટૂંકા ગાળાના એવા ફેરફારો કે જેનું લક્ષ્યાંક પૂર્ણ રોજગારી, ભાવસપાટી અને સ્થિરતા હોય છે.

(iv) અમેરિકન ઈકોનોમિક એસોસિએશન : Fiscal policy should mean the policy which concerns itself with aggregate effects of government expenditure and taxation on income, production and employment. "રાજકોષીય નીતિનો એવો અર્થ થવો જોઈએ કે સરકારના ખર્ચ અને કરવેરાની આવક, ઉત્પાદન અને રોજગારી ઉપર કુલ અસરો સાથે સંબંધિત છે."

ઉપરની જુદી જુદી વ્યાખ્યાઓ જોતાં તમે જાણી શકશો કે તેમાં પૂર્ણ રોજગારી, આર્થિક સ્થિરતા, રાષ્ટ્રીય આવક વગેરે ઉપર ઐચ્છિક ફેરફારો ઉપજાવવા માટે સરકારના ખર્ચ અને કરવેરાની આવકનાં સાધનોનાં ઉપયોગ વિશે કહેવાયું છે. જો સરકાર જાતે કોઈ વસ્તુ કે સેવાનું ઉત્પાદન કરતી હોય તો તેની આવક, દંડ, ફી વગેરેની આવકનો ઉપયોગ પણ સરકાર તેની રાજકોષીય નીતિમાં કરી શકે છે. જો કે સામાન્ય રીતે કરવેરા સરકારની આવકનો મુખ્ય સ્રોત છે અને તેથી તે અસરકારક પણ છે, એટલે અહીં પણ વિવિધ વ્યાખ્યાઓમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવેરા સાધનનો મુખ્યત્વે ઉલ્લેખ થયેલો જણાય છે.

## 16.3 રાજકોષીય નીતિના હેતુઓ

દરેક અર્થતંત્રની આર્થિક સ્થિતિ અને લક્ષ્યો પ્રમાણે રાજકોષીય નીતિના હેતુઓ હોય છે. વળી, વિકસિત અને અલ્પવિકસિત દેશોમાં પણ રાજકોષીય નીતિના હેતુ અને ભૂમિકા જુદા હોઈ શકે. તેમ છતાં મોટાભાગે કેટલાક હેતુઓ સર્વસામાન્ય રીતે બધાં જ અર્થતંત્રો માટે એકસરખાં રહેતા હોય છે. હવે આપણે આ હેતુઓનો વિસ્તારપૂર્વક અભ્યાસ કરીએ.

(1) સાધનો ગતિશીલ કરવાં :

સરકાર તેના ખર્ચ અને આવકનાં સાધનોની મદદથી પ્રજા પાસે રહેલાં નાણાકીય સાધનો કરવેરાનાં માધ્યમથી એકઠાં કરીને આર્થિક વિકાસ માટે જરૂરી એવી પ્રવૃત્તિઓ તરફ ગતિશીલ કરે છે. તેવી જ રીતે સસ્તા વ્યાજદરથી લોન વગેરે જેવી નાણાકીય નીતિઓની મદદથી પણ ખાનગીક્ષેત્રના વિકાસ માટે જરૂરી સાધનો ગતિશીલ કરે છે. પછાત પ્રદેશોમાં રોકાણ, ઓછાં વિકસિત ઉત્પાદનક્ષેત્રો માટે રોકાણ વગેરે જેવા નિર્ણયોથી અથવા સીધો જ હસ્તક્ષેપ કરીને એટલે કે સીધું જ રોકાણ કરીને તે પ્રદેશ કે ઉત્પાદન ક્ષેત્રના વિકાસ

માટે નાણાં તેમજ અન્ય સાધનોની વ્યવસ્થા કરે છે. આમ નાણાંકીય સાધનો ગતિશીલ કરીને તેની ઉત્પાદકતામાં પણ વધારો કરે છે.

સરકાર માત્ર નાણાકીય સાધનો જ નહીં પરંતુ જમીન, શ્રમ જેવાં સાધનોને પણ વધુ મહત્ત્વની ઉત્પાદન પ્રક્રિયામાં રોકી શકે છે, જે અગાઉ ઓછી મહત્ત્વની પ્રક્રિયામાં રોકાયેલાં હોય અથવા પ્રચ્છન્ન બેરોજગાર હોય.

(2) જાહેર/સરકારી ખર્ચ માટે નાણાંકીય સાધનો એકઠાં કરવાં :

રાજ્ય અને કેન્દ્ર સરકારોએ જુદી જુદી જાહેર સેવાઓ પૂરી પાડવાની હોય છે. જેમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, કાયદો અને વ્યવસ્થા, વહીવટીતંત્ર, સરહદી સુરક્ષા, વૈજ્ઞાનિક સંશોધનો વગેરે માટે સાધનો મળવાં જરૂરી છે. સરકાર અંતિમ ઉપાય તરીકે નવી નોટો છાપીને કે બેન્કો પાસેથી ઉધાર લઈને આ ખર્ચ કરી શકે છે, પણ તે ફુગાવો લાવનાર પણ બને. કારણ કે, તેનાથી અર્થતંત્રમાં નવાં નાણાં ઉમેરાય છે. જો ફુગાવો થવા ન દેવો હોય તો સરકાર કરવેરાના દરથી કે જાહેર સેવાઓની કિંમત વસૂલીને તેના પોતાના ખર્ચ માટે નાણાકીય સાધનો મેળવી શકે છે. જો અર્થતંત્રમાં મંદી હોય તો કરવેરા મંદીને વધુ તીવ્ર બનાવશે. આ સ્થિતિમાં સરકારે કરવેરાના દર ઘટાડીને અન્ય વિકલ્પોએ નાણાંકીય સાધનો ઊભાં કરવાં જોઈએ.

(3) વ્યાપારચક્રોનું નિયંત્રણ :

તેજી અને મંદી જેવા વ્યાપારચક્રો નિયમિતપણે અર્થતંત્રમાં આવતાં રહે છે, જે આર્થિક પ્રવૃત્તિઓને અસર કરતી સામાન્ય ઘટનાઓ છે. તેમ છતાં જો તેને નિયંત્રણમાં ન રાખવામાં આવે તો વ્યાપારચક્રો તીવ્ર બનતાં તેની નકારાત્મક અસરો અર્થતંત્રનો વિકાસ અટકાવી દે છે. તેજી કે ફુગાવાને નિયંત્રિત કરવા માટે કુલ ખર્ચમાં ઘટાડો કરવો જોઈએ તથા અર્થતંત્રમાંથી નાણું પરત ખેંચી લેવું પડે. અર્થતંત્રમાં થતા કુલ ખર્ચમાં C + 1 + Gમાં G એટલે કે સરકારી ખર્ચનો નોંધપાત્ર હિસ્સો હોય છે. ફુગાવાને નિયંત્રણમાં લેવા માટે સરકાર તેનો રોકાણ ખર્ચ ઓછો કરીને તથા કરવેરાના દર વધારીને અર્થતંત્રમાંથી નાણાંનો પુરવઠો ઓછો કરે છે. તો તેનાથી વિપરીત સ્થિતિમાં મંદીને નિયંત્રિત કરવા માટે સરકાર તેનો ખર્ચ વધારે છે. કરવેરાના દર પણ ઓછા કરી શકે છે. આમ, નવું નાણું અર્થતંત્રમાં ઉમેરાય છે તેથી મંદી દૂર થાય છે.

(4) પૂર્ણ રોજગારીનું સ્તર મેળવવું :

કોઈપણ અર્થતંત્રનું મૂળ ધ્યેય પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રાપ્ત કરવાનું હોય છે. અહીં રોજગારી એટલે શ્રમની રોજગારી ઉપરાંત ઉત્પાદનનાં બધાં જ સાધનોનો પૂર્ણ અને મહત્તમ ઉપયોગ થાય તે રીતે બધાં જ સાધનોને રોજગાર મળે એટલે કે કામમાં લેવામાં આવે તે મહત્ત્વનું છે. સાધનોનો સંપૂર્ણ ઉપયોગ વિકાસની કક્ષા નીચી રાખે છે. આમ, શ્રમિકોને પૂર્ણ રોજગાર પ્રાપ્ત થાય તેમ જ ઉત્પાદનનાં અન્ય સાધનોનો પણ મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી રાજકોષીય નીતિનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. સરકાર સીધું જ રોકાણ કરીને ઉદ્યોગોની સ્થાપના અને સંચાલન કરી શકે છે. તેથી તેમાં ઉત્પાદન સાધનોને રોજગાર મળે છે અથવા નવા સ્થપાઈ રહેલાં ઔદ્યોગિક એકમોને કરવેરા, જાહેર સેવાઓની ફી વગેરેમાં છૂટછાટ કે મુક્તિ આપીને રોજગારીની તકો ઊભી કરી શકે છે.

(5) ગરીબી દૂર કરવી :

ગરીબી એટલે માત્ર આવકનો અભાવ ન કહી શકાય, પરંતુ વિકાસની તક ન મળવાને કારણે પણ સમાજમાં ગરીબી પ્રવર્તમાન હોઈ શકે છે. શિક્ષણ અને તાલીમની

સુવિધાઓ, સ્વાસ્થ્ય સુવિધાઓ, પરિવહન અને સંદેશાવ્યવહાર, બેન્કિંગ જેવી માળખાકીય સુવિધાઓ વગેરે પૂરી પાડીને રોજગારપાત્રતા વિકસાવે છે તથા આ રીતે ગરીબી દૂર કરે છે. જાહેર સુવિધાઓ સસ્તા ભાવે આપીને પણ ગરીબી દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સમાજમાં પ્રવર્તમાન સાપેક્ષ ગરીબી દૂર કરવા માટે કરવેરા જેવા સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે એકઠી થયેલી આવકથી સરકાર ગરીબોની તરફેણમાં ખર્ચ કરે છે. જેને Cross-Subsidy કહેવાય છે. એક પાસેથી આવક મેળવીને બીજાને આર્થિક સહાય, રાહત દરે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(6) આર્થિક વિકાસ કરવો :

આર્થિક વિકાસ એ હવે માત્ર આર્થિક હેતુઓ સુધી સીમિત નથી રહ્યો. આર્થિક વિકાસના ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સૂચિતાર્થો પણ છે. લોકતંત્રમાં સત્તા ઉપર ટકવા માટે અને સત્તા મેળવવા માટે પણ આર્થિક વિકાસનો મુદ્દો ઉપયોગમાં લેવાય છે. વળી, જો અર્થતંત્રને સંપૂર્ણપણે ખાનગીક્ષેત્ર ઉપર આધારિત રહેવા દેવામાં આવે તો આંતરરાષ્ટ્રીય વેપારમાં પણ સંરક્ષણ, સબસિડી જેવાં સાધનોની સહાય મળી શકે નહીં અને નવા નાનાં એકમો સ્પર્ધાક્ષમતા કેળવી શકે નહીં. આયાત-નિકાસ, જકાતો જેવાં સાધનોથી સરકાર દેશનાં અર્થતંત્રને વિદેશી આર્થિક નીતિઓ સામે રક્ષણ આપવા માટે નિકાસ પ્રોત્સાહનો આપી શકે છે. જો નિકાસ અટકાવવી હોય તો નિકાસ કર લગાવી શકે છે. તેવી જ રીતે આયાતો ઉપર નિયંત્રણ મૂકવા માટે પણ આયાતમાં છૂટ કે આયાત-જકાત જેવાં સાધનોનો ઉપયોગ કરે છે.

(7) ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવું :

આધુનિક સમયમાં માત્ર આર્થિક વિકાસ નહીં પણ ટકાઉ વિકાસના ખ્યાલને મહત્ત્વ અપાય છે. ટકાઉ વિકાસમાં ઉત્પાદન સાધનોનો કરકસરપૂર્ણ ઉપયોગ, પર્યાવરણ જાળવણી, માનવ વિકાસ જેવા ખ્યાલોનો પણ સમાવેશ થાય છે. રાજકોષીય નીતિનાં સાધનોથી સરકાર આ બાબતે સક્રિય થાય છે. જેમ કે પ્રદૂષણ કરતાં કારખાનાંઓ પર દંડ અને કરવેરા નાખીને તેવી ઉત્પાદન પ્રક્રિયા ઉપર નિયંત્રણ મૂકી શકે છે. અથવા પર્યાવરણ જતન કરતી પ્રવૃત્તિઓને સબસિડી, આર્થિક સહાય, કરવેરામાં છૂટ જેવાં પ્રોત્સાહન પણ આપી શકે છે. તેવી જ રીતે માનવવિકાસ માટે શિક્ષણ, સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપર ખર્ચ કરે છે. કુદરતી સાધનોનાં બગાડ તેમજ ઉપયોગ ઉપર પણ નિયંત્રણ મૂકે છે.

(8) કટોકટીના સમયે નબળા વર્ગોનું રક્ષણ :

કુદરતી કે આર્થિક કટોકટીના સમયે નબળા વર્ગો ટકી શકતા નથી. કુદરતી આપત્તિ સમયે જાનમાલનું રક્ષણ કરવા પાછળ સરકાર દ્વારા ખર્ચ કરવાનો થાય છે. આ ખર્ચ માટે સાધનો પણ આધુનિક સરકાર અલગથી ફાળવતી થઈ છે. જેમ કે દરેક સરકાર કટોકટીના સમયને પહોંચી વળવા માટે રાહતકોષની વ્યવસ્થા કરે છે.

(9) બજારની અપૂર્ણતા દૂર કરવી :

પૂર્ણ હરીફાઈવાળા બજારમાં ગ્રાહકો છેતરાતા નથી. જોકે આપણે જાણીએ છીએ કે આદર્શ સ્થિતિવાળું પૂર્ણ બજાર ભાગ્યે જ જોવા મળે છે. ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી જાહેર ખબરો, ભેળસેળવાળા પદાર્થો, ઊંચી કિંમતો ગ્રાહકો સાથે ઠગાઈ જેવા કિસ્સાઓમાં સરકાર દ્વારા રક્ષણાત્મક માળખું ઊભું કરવામાં આવે છે; અથવા તો સરકાર સીધી જ આર્થિક ઉત્પાદન પ્રક્રિયામાં પ્રવેશ કરે છે અને હરીફાઈની તથા બજારની અપૂર્ણતાઓ દૂર કરે છે. આ સમયે સરકારે રોકાણખર્ચ કરવાનો આવે છે જેથી ઉત્પાદન થઈ શકે.

(10) કુલ માંગ અને કુલ પુરવઠાનું નિયંત્રણ કરવું :

બજારમાં કુલ માંગ અને કુલ પુરવઠાનું નિયંત્રણ અત્યંત જરૂરી છે. કારણ કે માંગમાં થતા ફેરફારોને આધારે ઉત્પાદકો રોકાણ અંગેના નિર્ણયો લેતા હોય છે. જો ઊંચી ખરીદશક્તિને કારણે માત્ર ધનિક લોકો દ્વારા કરવામાં આવતી માંગની જ વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરવામાં આવે તો ઉત્પાદન સાધનો વિલાસિતાની કે ઓછાં લોકો ઉપયોગામાં લઈ શકે તેવી વસ્તુ અને સેવાઓનાં ઉત્પાદનમાં રોકાશે. અહીં સરકાર જાતે ઉત્પાદન પ્રક્રિયા હાથ ધરે છે તથા બજારમાં જનસામાન્યને ઉપયોગમાં લેવાની વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરીને તેનો પુરવઠો જાળવે છે. આમ, કુલ માંગ અને પુરવઠાનું નિયંત્રણ થાય છે. સમાજ માટે હાનિકારક વસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણને અટકાવવા માટે પણ સરકાર કરવેરા, દંડ જેવાં રાજકોષીય સાધનોનો ઉપયોગ કરે છે. જેમ કે સિગરેટ, નશીલા પદાર્થોનું ઉત્પાદન અને ઉપયોગ રોકે છે.

(11) સમતુલિત આર્થિક વિકાસ :

સમતુલિત આર્થિક વિકાસ એટલે આર્થિક જરૂરિયાતો પ્રમાણે અર્થતંત્રનાં બધાં ક્ષેત્રો અને પ્રદેશોનો વિકાસ થાય, સમાજના બધા વર્ગોનો વિકાસ થાય અને સમાજના બધા વર્ગો દ્વારા વિકાસ થાય. જેમ કે કોઈ પછાત પ્રદેશમાં આર્થિક વિકાસ ન થઈ શક્યો હોય તો ત્યાં વિકાસની સંભાવનાઓ તપાસીને તે અનુસાર રોકાણ કરીને આર્થિક વિકાસ કરવાનો થાય છે. તેવી જ રીતે સમાજમાં શિક્ષણ કે અન્ય ક્ષમતાના અભાવે પછાત રહેલાં લોકોને પણ વિકાસ પ્રક્રિયામાં ભેળવવાં માટે સરકાર પ્રયત્ન કરે છે.

(12) વૈજ્ઞાનિક સંશોધનો અને વિકાસ :

આધુનિક સમયમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીકલ વિકાસ સિવાય કોઈપણ ક્રિયાઓ સંભવી શકે નહીં. વૈજ્ઞાનિક શોધખોળોમાં ઘણાં સાધનોની જરૂર પડે છે તથા પ્રયોગો નિષ્ફળ જવાની પણ સંભાવના હોય છે. તેથી લાંબા સમય સુધી રોકાણમાંથી નફો ન મળે તેવું પણ બને. રોકાણનું મોટું પ્રમાણ, લાંબો ફલનકાળ તથા ખોટની સંભાવનાઓને કારણે ખાનગીક્ષેત્ર મોટાભાગે વૈજ્ઞાનિક સંશોધનો કરવા માટે આગળ આવતું નથી. જો કે આધુનિક સમય બહુ મોટી ખાનગી પેઢીઓ દ્વારા દવાઓ તેમજ અન્ય ટેક્નિકલ શોધખોળો સતત થતી રહે છે અને તેના પાછળ મોટું બજેટ પણ ફાળવવામાં આવે છે. તેમ છતાં, આર્થિક વિકાસ માટે સંશોધન, વૈજ્ઞાનિક શોધખોળો, સમાજિક સંશોધનો, માહિતીનું એકત્રીકરણ (જેમ કે વસ્તીગણતરી માહિતીનું એકત્રીકરણ) જેવી મોટી પ્રક્રિયાઓ પાછળ સરકારે ખર્ચ કરવાનો થાય છે.

આધુનિક સરકાર કલ્યાણલક્ષી સરકાર હોવાથી રાજકોષીય સાધનોનાં હેતુઓમાં પણ ઘણાં ફેરફારો થયા છે. તેમ છતાં સ્થિરતા સાથે આર્થિક વિકાસ એ મૂળભૂત હેતુ રહેલો હોય છે.

## 16.4 રાજકોષીય નીતિનાં સાધનો (Tools of fiscal Policy)

આર્થિક વિકાસ અંગેના જુદા જુદા હેતુઓ સિદ્ધ કરવા માટે સરકાર રાજકોષીય નીતિનો ઉપયોગ કરે છે તે આપણે જોયું. રાજકોષીય નીતિનાં એટલે કે સરકારના આવક અને ખર્ચનાં સાધનોનો હવે આપણે પરિચય મેળવીએ.

સરકારના (જાહેર) ખર્ચનાં સાધનો (Government spending tools)

(i) મૂડી ખર્ચ : મૂડીખર્ચ એ સરકારનો એવો ખર્ચ છે કે જેનાથી જાહેર સંપત્તિનું નિર્માણ

થાય છે. જેમ કે શાળાઓનાં મકાન, રસ્તા, હોસ્પિટલો, બસ અને રેલવે સ્ટેશન વગેરે. આ પ્રકારના ખર્ચ દેશની મૂડી-સંપત્તિમાં તો વધારો કરે જ છે સાથે ઉત્પાદનક્ષમતામાં પણ વધારો કરે છે. સરકારના આ પ્રકારના ખર્ચથી રોજગારીની તકોમાં વધારો થાય છે.

(ii) ચાલુ ખર્ચ : આ એવા પ્રકારનો જાહેરખર્ચ છે, કે જે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવા પાછળ થાય છે. જુદી જુદી સેવાઓ જેમ કે સંરક્ષણ, સ્વાસ્થ્ય અને શિક્ષણ, વહીવટી સેવાઓ વગેરે પૂરી પાડવા પાછળનો ખર્ચ, વીજળી ઉત્પાદન અને વિતરણ, પરિવહન વગેરે સેવાઓ પૂરી પાડવાનો ખર્ચ એ આ પ્રકારના ખર્ચમાં સમાવિષ્ટ છે.

(iii) બદલા ચૂકવણીઓ : સામાજિક સુરક્ષાની જોગવાઈઓ અંતર્ગત જે ચૂકવણી સરકારે કરવાની હોય છે તે બદલા ચૂકવણીઓ કહેવાય છે. દા.ત. પેન્શન યોજના, બેરોજગારી ભથ્થું (જો કે બેરોજગારી ભથ્થું બહુ ઓછા દેશોમાં ઉપયોગમાં લેવાય છે. કેટલાક પશ્ચિમના દેશોમાં આ પ્રકારનાં ભથ્થાંનો ઉપયોગ થયેલો જણાયો છે, ભારતમાં આ ભથ્થું અપાતું) વિધવા સહાય વગેરે. સરકારે લીધેલા ઋણના વ્યાજની ચૂકવણી પણ આ વિભાગમાં આવે છે. જો કે અહીં એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે આ પ્રકારનો ખર્ચ GDPની ગણતરી કરતી વખતે બાકાત રાખવામાં આવે છે. કારણ કે તેનો દેશનાં કુલ ઉત્પાદનમાં કોઈ ફાળો નથી હોતો.

- જાહેર (સરકારની) આવકનાં સાધનો :

(i) કરવેરા :

કરવેરા બે પ્રકારના હોય છે : સીધા (પ્રત્યક્ષ) કર અને આડકતરા (પરોક્ષ) કરવેરા. અર્થતંત્ર માટે લાભદાયી વસ્તુઓનું ઉત્પાદન વધારવા, આવકની અસમાનતા ઘટાડવા, વિદેશ વેપારમાં રક્ષણ વગેરે આપવા માટે કરવેરાના સાધનનો ઉપયોગ કરવામાં આવે છે. ભોગવિલાસની વસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણને નિયંત્રિત કરીને જીવનજરૂરિયાતની વસ્તુનું ઉત્પાદન વધારવું હોય અને સાધન ફાળવણી જીવનજરૂરિયાતની વસ્તુઓની તરફેણનાં ઉત્પાદનમાં કરવાની હોય તો તેવા સમયે કરવેરાનું સાધન ઘણું ઉપયોગી થાય છે. ઉત્પાદન, વેચાણ વગેરે પર કર નાખીને ભોગવિલાસની વસ્તુઓનું ઉત્પાદન અને વેચાણ મોંઘુ કરી શકાય છે. આ વસ્તુની કિંમતમાં કરવેરાથી થતો વધારો એવા વર્ગને અસર કરે છે કે જેની આવક સાપેક્ષ રીતે વધારે હોય છે.

સીધા કરવેરા જેવા કે આવક વેરો, સંપત્તિ વેરો વગેરે પણ આવકની અસમાનતા ઘટાડવામાં અને નિમ્ન આવકવાળા વર્ગની તરફેણમાં ખર્ચ કરવા માટે સરકાર માટે નાણાંકીય આવકનું સાધન બને છે. રાજકોષીય નીતિમાં અન્ય સાધનો કરતાં કરવેરા સરકાર માટે મુખ્ય અને સૌથી વધુ અસરકારક સાધન છે.

(ii) બજેટ નીતિ :

બજેટ એ સરકારના આવક-જાવકનું આયોજન બતાવે છે તથા સાધનોનો અંદાજ દર્શાવે છે. બજેટ પણ સરકારની રાજકોષીય નીતિનું નોંધપાત્ર સાધન છે. જો સરકારે ફુગાવાને નિયંત્રણમાં લેવો હોય તે પુરાંતવાળું બજેટ બનાવે છે. જાહેરખર્ચમાં, રોકાણખર્ચમાં ઘટાડો કરે છે અને અર્થતંત્રમાંથી નાણું પાછું ખેંચાય તેવાં પગલાં લે છે.

તેનાથી વિપરીત મંદીને દૂર કરવા સરકાર ખાધવાળું બજેટ જાહેર કરે છે. જેથી સરકારને તેની આવક માટે નવાં સાધનો ઊભાં કરવા માટે માર્ગ તૈયાર થાય છે.

(iii) જાહેર ઋણ :

જાહેર ઋણ એટલે સરકાર દ્વારા લેવામાં આવતી લોન કે ઉધાર. સરકાર તેની પ્રજા પાસેથી, રિઝર્વ બેન્ક પાસેથી તથા વિદેશી સંસ્થાઓ કે અન્ય દેશો પાસેથી ઋણ લઈ શકે છે. આ બધાં સાધનોનાં હેતુ અને અસરો અલગ અલગ હોય છે. આ સાધનો વિશે હવે આપણે સમજણ મેળવીએ.

(a) પ્રજા પાસેથી લેવાતું ઋણ :

સરકાર જ્યારે પ્રજા પાસેથી ઉધાર (કર્જ) લે છે ત્યારે પ્રજાનું નાણું સરકાર પાસે આવે છે. આમ, પ્રજા પાસે નાણું ઓછું થાય છે અને સરકારની આવક થાય છે. આમ થવાથી બજારમાં ફુગાવાનાં પરિબળો નિયંત્રણમાં આવી શકે છે. સરકાર વિવિધ સમયાવધિના બોન્ડ બહાર પાડીને પ્રજા પાસેથી ઉધાર લે છે. આ આવકનો ઉપયોગ સરકાર જાહેર સંપત્તિ વધારવામાં, ગરીબોની તરફેણમાં ખર્ચ કરવામાં કે વિદેશી લોન પરત ચૂકવવામાં કરી શકે છે.

મંદીની અસરો દૂર કરવા માટે સરકાર અગાઉ લીધેલું ઋણ પરત કરે છે.

(b) રિઝર્વ બેન્ક પાસેથી લેવાનું ઋણ :

સરકાર તેની નાણાકીય જરૂરિયાતો પૂરી પાડવા માટે દેશની મધ્યસ્થ બેન્ક પાસેથી ઉધાર લઈ શકે છે. રિઝર્વ બેન્ક સરકારને ઉધાર આપે છે ત્યારે સરકારની પોતાની જ બચતો ન હોય તો નવું નાણું છાપીને પણ ઉધાર આપે છે જેને ખાદ્યપૂર્વક નાણાંતંત્ર કહેવામાં આવે છે. આમ થવાથી અર્થતંત્રમાં નવું નાણું આવતું હોવાથી મંદીનાં પરિબળો દૂર થાય છે.

(c) વિદેશી ઋણ :

વિદેશી ઋણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે વિશ્વબેંક, IMF વગેરે પાસેથી મળી શકે છે. તો કેટલાક મોટા દેશો પાસેથી પણ આર્થિક કટોકટી ધરાવતા દેશને વસ્તુનાં સ્વરૂપમાં કે નાણાંકીય ઉધાર મળે છે. જેમ કે કોઈ મોટી કુદરતી આપત્તિના સમયે દેશ માટે સ્થાનિક સાધનો અપૂરતાં થાય તો વિશ્વબેંક સહાય કરે છે. ગરીબી દૂર કરવા તથા મોટાં રોકાણોમાં પણ આ પ્રકારની સહાય મળે છે. 2001ના કચ્છના ધરતીકંપ વખતે વિશ્વ બેન્ક તરફથી પુનર્વસન માટે ભારતને સહાય મળેલી હતી. COVID-19 કોરોના સમયે ભારતે પણ અમેરિકા તેમજ બીજા દેશોને દવાઓની સહાય કરી હતી. શ્રીલંકાની આર્થિક કટોકટી સમયે પણ ભારતે શ્રીલંકાને મદદ કરી હતી. આ રીતે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા દેશો પાસેથી ઉધાર લઈ શકાય છે.

આવકનાં વિવિધ સાધનોનાં ઉપયોગ અને અસરો :

આપણે સરકારની એટલે કે રાજકોષીય આવકનાં વિવિધ સાધનોનો પરિચય મેળવ્યો. તે બધાંના ઉપયોગ અને અસરોમાંથી ભિન્નતા હોય છે.

જેમ કે, સરકાર જ્યારે દેશનાં લોકો પાસેથી નાણું ઉધાર લે ત્યારે તે પરત કરતી વખતે દેશનું નાણું દેશમાં જ રહેશે. જ્યારે વિદેશી લોન પરત ચૂકવતી વખતે દેશમાંથી નાણું બહાર આપવાનું રહેશે. વળી, દેશનાં લોકો જ જ્યારે સરકારને ઉધાર આપે છે ત્યારે દેશમાં નાણાંનો કુલ પુરવઠો વધતો નથી. પરંતુ વિદેશી નાણાંથી દેશમાં નાણાંનો કુલ પુરવઠો વધે છે અને તેથી ફુગાવો થવાની સંભાવના છે.

તેવી જ રીતે સરકાર જ્યારે મધ્યસ્થ બેન્ક પાસેથી લોન લે છે ત્યારે જો સરકારની પોતાની બચત ન હોય તો નવું નાણું છાપીને પણ લોન અપાતી હોવાથી અર્થતંત્રમાં નવું નાણું ઉમેરાય છે. આમ, તેનાથી મંદી દૂર થઈ શકે છે. પણ જો ફુગાવાનાં પરિબળો પહેલેથી હોય તો ફુગાવો વધારે તીવ્ર બને છે.

આમ, સરકારની આવક અને ખર્ચનાં વિવિધ સાધનો જોયા પછી આપણે કહી શકીએ કે તેનો ઉપયોગ કરવામાં સાવધાની રાખવી જરૂરી બને છે.

## 16.5 સારાંશ

- આધુનિક કલ્યાણલક્ષી સરકારે પ્રજાકીય કાર્યો કરવા માટે નાણાંકીય સાધનો ઊભાં કરવાં જરૂરી છે. આ ઉપરાંત આર્થિક સ્થિરતા માટે પણ સરકાર સક્રિય રહેતી હોય છે. આમ, સરકારે કરવાના થતા ખર્ચ અને તે માટે આવક મેળવવાના નિર્ણયોને રાજકોષીય નીતિ તરીકે ઓળખવામાં આવે છે.
- આર્થિક સ્થિરતા, ગરીબી દૂર કરવી, લેણદેણની તુલામાં સમતુલા, સમતોલ પ્રાદેશિક વિકાસ, રોજગારીની તકોનું સર્જન, આર્થિક વિકાસ, વ્યાપારચક્રોનું નિયંત્રણ વગેરે જેવા હેતુઓ માટે સરકાર રાજકોષીય નીતિનાં સાધનોનો ઉપયોગ કરે છે.
- કરવેરા એ સરકાર માટે આવક મેળવવાનું મુખ્ય સાધન છે. તે ઉપરાંત જાહેર દેવું (ઋણ) અને મધ્યસ્થ બેન્ક પાસેથી મળતી મદદ પણ સરકારની આવકનાં સાધન છે. આ ઉપરાંત સરકાર જે વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડે છે તે દાખલા તરીકે વીજળી, પરિવહન સેવા વગેરેનાં વેચાણથી થતી આવક પણ સરકારને મળે છે.
- સરકારે આર્થિક વિકાસ, વહીવટી સેવાઓ પૂરી પાડવી, આંતરિક કાયદો અને વ્યવસ્થા જાળવવા, સરહદો ઉપર સંરક્ષણ, આર્થિક વિકાસ વગેરે ઉપર ખર્ચ કરવાનો હોય છે. જાહેર સંપત્તિઓનું નિર્માણ, સંરક્ષણ, વહીવટ, લોનની પરત ચૂકવણી વગેરે જાહેર ખર્ચ અંતર્ગત આવે છે.
- રાજકોષીય નીતિનાં જુદાં જુદાં સાધનોનાં ઉપયોગ અને અસરમાં ભિન્નતા હોય છે. તેથી મંદી અને ફુગાવાનાં નિયંત્રણમાં, રોજગારસર્જનમાં, વહીવટી કાર્યોમાં કયા સાધનનો કેવો ઉપયોગ કરવો તે બાબત સાવધાની રાખવી જરૂરી હોય છે.

## 16.6 ચાવીરૂપ શબ્દો

- ખાધપૂરક નાણાંતંત્ર : સરકાર જ્યારે તેની આવક કરતાં ખર્ચ વધારે કરે છે તે ક્રિયા કે સ્થિતિને ખાધપૂરવણી કહેવામાં આવે છે. પશ્ચિમના દેશો અને ભારતમાં આ માટેની વ્યવસ્થામાં અને અર્થમાં થોડો તફાવત છે. જેમ કે પશ્ચિમના દેશોમાં જ્યારે આવક < ખર્ચની સ્થિત હોય તેને ખાધપૂર્તિ કહે છે. આ સમયે સરકાર ખાધ પૂરવા માટે પોતાની પ્રજા પાસેથી પણ નાણું ઉધાર લઈ શકે છે અથવા મધ્યસ્થ બેંક પાસેથી પણ લઈ શકે છે. ભારતમાં જ્યારે પ્રજા પાસેથી નાણું ઉધાર લઈને ખર્ચ અને આવક સમતોલ કરવામાં આવે છે. તેને ખાધપૂરવણી નથી કહેવાતી, કારણ કે તેમાં માત્ર નાણાકીય સાધનોનું હસ્તાંતરણ થયું હોય છે, જ્યારે સરકારની લોન લેવાની ક્રિયાથી અર્થતંત્રમાં નાણાંનું કુલ પ્રમાણ વધે તેને જ "ખાધપૂરવણી" કે અંગ્રેજીમાં Deficit Financing કહેવાય છે. તે જ્યારે રિઝર્વ બેન્ક પાસેથી લોન લેવામાં આવે છે ત્યારે અર્થતંત્રમાં નવું નાણું ઉમેરાય છે તેથી તે ખાધપૂરવણી કહેવાય છે. અગાઉના સમયમાં ખાધપૂરવણી સરકારની અણઆવડત તરીકે ઓળખાતી હતી અને આવકમાંથી જ ખર્ચ થાય તે વધુ સારું કહેવાતું, જો કે આધુનિક સમયમાં સરકારનાં વધતાં જતાં કાર્યો અને કલ્યાણલક્ષી હેતુથી સરકારની આવક કરતાં ખર્ચ વધુની સ્થિતિ સામાન્ય કહેવાય છે.
- **પૂર્ણ રોજગારી :** પૂર્ણ રોજગારી એ એવી સ્થિતિ છે કે જેમાં અનૈચ્છિક બેકારીનો અભાવ હોય તથા ઉત્પાદનનાં બધાં જ સાધનોને પૂર્ણ સમય માટે રોજગાર મળી રહેતાં હોય. આ સ્થિતિની પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા ધારણા કરવામાં આવતી.

પરંતુ કેઈન્સના સમયથી આ માન્યતા બદલાઈ અને અપૂર્ણ રોજગારીની સ્થિતિએ પણ અર્થતંત્ર સમતુલામાં હોય છે તે બાબતનો સ્વીકાર થવા લાગ્યો. બજારની અપૂર્ણતાને કારણે પૂર્ણ રોજગારીની સ્થિતિ પ્રાપ્ત ન થાય તેવું બને.

- બજારની અપૂર્ણતા : જ્યારે બધા જ ગ્રાહકો અને બધા જ વેપારીઓને વસ્તુ/સેવાની ગુણવત્તા, કિંમત, પ્રાપ્યતા વગેરેની માહિતી હોય અને ગ્રાહકો, ઉત્પાદકો, ઉત્પાદન સાધનો પૂર્ણ ગતિશીલ હોય તથા ગ્રાહકો અને ઉત્પાદકોની સંખ્યા અમર્યાદિત હોય તે સ્થિતિને પૂર્ણ બજાર કહેવાય છે. પરંતુ માહિતીનો અભાવ, સાધનોની અગતિશીલતા વગેરેને કારણે બજાર અપૂર્ણ રહેતાં મોટાભાગે ગ્રાહકોનું હિત જળવાતું નથી. કોઈ વાર ઉત્પાદકોનું હિત પણ જળવાતું ન હોય તેમ બને. આ સ્થિતિમાં સરકાર બજારમાં પ્રવેશે છે અને બજારની અપૂર્ણતા દૂર કરે છે. આ રીતે સાધનોની યોગ્ય અને ઇષ્ટતમ ફાળવણી કરે છે.

## 16.7 તમારી પ્રગતિ ચકાસો

(ક) નીચેના પ્રશ્નોના જવાબ વિસ્તારપૂર્વક લખો.

1. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિનાં વિવિધ સાધનોનો ટૂંકમાં પરિચય આપો.
2. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિના હેતુઓનું વર્ણન કરો.
3. રાજકોષીય નીતિ એટલે શું ? રાજકોષીય નીતિના જાહેર આવક અને જાહેર ખર્ચનાં સાધનોનો વ્યાપારચક્રોનાં નિયંત્રણમાં શું ફાળો અને ઉપયોગ છે તે તમારા શબ્દોમાં સમજાવો.

(ખ) નીચેના વિષયો ઉપર ટૂંકનોંધ લખો :

1. જાહેર આવકના સ્રોતો (સાધનો)
2. જાહેર ખર્ચ
3. ખાધપૂરક બજેટ નીતિ

(ગ) યોગ્ય વિકલ્પ પસંદ કરો :

1. કયા અર્થશાસ્ત્રીનાં લખાણોથી રાજકોષીય નીતિનું મહત્ત્વ વધારે સ્પષ્ટ થયું ?
   (અ) એડમ સ્મિથ (બ) કેઈન્સ
   (ક) મસગ્રેવ (ડ) હેરોડ-ડોમર
2. નીચેનામાંથી કયો રાજકોષીય નીતિનો હેતુ નથી ?
   (અ) આર્થિક સ્થિરતા સાથે વિકાસ (બ) પૂર્ણ રોજગારી
   (ક) લેણદેણની તુલામાં સમતુલા (ડ) વ્યાજદરમાં વધારો
3. નીચેનામાંથી કયું સરકારની આવકનું સાધન છે ?
   (અ) કરવેરા (બ) જાહેર ઋણ
   (ક) ખાધપૂરવણી (ડ) આપેલાં બધાં જ
4. નીચેનામાંથી કઈ બાબત જાહેર ખર્ચ સૂચવે છે ?
   (અ) જાહેર સંપત્તિનું નિર્માણ (બ) કરવેરા
   (ક) વિદેશી ઋણ (ડ) આપેલાં બધાં જ

5. જાહેર ઋણનો સ્રોત કયો છે ?

(અ) પ્રજા પાસેથી લીધેલી લોન (બ) આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી લીધેલી લોન

(ક) વિદેશી સરકાર પાસેથી લીધેલી લોન (ડ) આપેલાં બધાં જ

- તમારી પ્રગતિ ચકાસોના જવાબો :

(ગ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ :

(1) કેઈન્સ

(2) વ્યાજદરમાં વધારો

(3) આપેલાં બધાં જ

(4) જાહેર સંપત્તિનું નિર્માણ

(5) આપેલાં બધાં જ

- ઉપયોગી સંદર્ભ વાચન :


- www.imf.org/external/pubs/ft/fandd/basic.fiscpol.htm
- Frank, Robert H., Bernanke, Ben S., "Principles os Economics" (2007), TatalhcGram Hill, New Delhi.
- Bhutani, Prem T., "principles of Economics" (2014), Tacman Allied Services (P) Ltd. New Delhi.
- पुरी वी. के, मिश्रा दिव्य, "समष्टि अर्थशास्त्र", (2002), हिमालया पब्लिशिंग हाउस, Delhi.
- Vaish, M.C., "Macro Economic Theory" (2002), Vikas Publishing House, Banglore.